ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
તા. ૨૪-૯-૨૦૨૧, શુક્રવાર


# સાબરકાંઠા - અરવલ્લી



## તગડો ટોલ ટેક્સ છતાંય રોડ ઉપર મસમોટા ખાડાઓ






### ચિલોડાથી શામળાજી રોડ ઉપર

# ...રોડમાં ખાડા કે ખાડાઓમાં રોડ

### ખાડાઓને લઈને અવરનવર ખાડાઓમાં વાહનો ફસાવાનો સીલસીલો યથાવત : ખાડાઓથી અકસ્માત સર્જાય છે : રોડ વચ્ચોવચ પડેલ ખાડાઓ વાહન ચાલકો માટે સિર દર્દ સમાન : જવાબદાર તંત્ર ઘોર નિદ્રામાં

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર પડેલ ખાડાઓને લઈને રોડમા ખાડાઓ કે ખાડાઓમા રોડ હોય



તેવુ હાલતો જણાઈ આવે છે તો જવાબદાર તંત્ર રજુઆત બાદ પણ ઘોર નિદ્રામા ચિલોડા-હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે આઠ ઉપર પડેલ મસમોટા ખાડાઓ રોજીંદુ અવરજવર કરતા વાહન ચાલકો માટે સિર દર્દ સમાન છે અને ખાડાઓ મા અનેક વાર વાહનો પટકાય છે તો રોડ ઉપર થી દર્દીઓને લઈ ને જતી એમ્બ્યુલન્સ પણ અનેકવાર ખાડાઓ મા પડતા ખોટવાય છે અને રોડ વચ્ચોવચ પડેલ મસમોટા ખાડાઓ ને લઈ ને અવરનવર અકસ્માત ના બનાવોનો સીલસીલો યથાવત છે તો આજ રોડ ઉપર થી અધિકારીઓ પણ સવાર-સાંજ અવરજવર કરે છે ત્યારે રોડ વચ્ચોવચ પડેલ ખાડાઓને લઈ ને રોડ મા ખાડાઓ કે ખાડાઓ મા રોડ હોય તેવુ હાલતો જણાઈ આવે છે તો મજરા, છાલા, તાજપુર, સલાલ, કમાલપુર સહિત વિવિધ જગ્યાઓ ઉપર રોડ વચ્ચોવચ મસમોટા ખાડાઓ પડી ગયે છે તો બીજીતરફ વરસાદી પાણી ખાડાઓ મા ભરાતા ખાડાઓ




ના દેખાતા અનેક નાના મોટા વાહન ચાલકો રોડ વચ્ચોવચ પડેલ ખાડાઓ મા પટકાય છે અને હાડકા ભાગવાનો વાળો આવ્યો છે ત્યારે હાઈવે ઓથોરીટી દ્વારા તગડો તોલ ટેક્સ લેવામા આવતો હોવા છતાંય રોડ ઉપર પડેલ ખાડાઓ ના પુરાતા અનેક વાહન ચાલકો ખાડાઓ મા પટકાય છે અને વાહનોને નુકશાન થતા ખર્ચ ભોગવવાનો વારો આવેછે અનેક વાર રજુઆતો બાદ પણ નઠોર હાઈવે ઓથોરીટી કે નઠોર તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામા આવતી નથી તો રોડ વચ્ચોવચ પડેલ ખાડાઓ મા એક રીક્ષા ફસાતા રીક્ષામા બેઠેલ મહિલાઓએ રીક્ષામાંથી ઉતરી રોડ વચ્ચોવચ ફસાયેલ રીક્ષા ને ધક્કો મારવાનો વારો આવ્યો હતો અને ખાડાઓમા થોડે સુધી રોડ વચ્ચોવચ ચાલવાનો વારો આવ્યો હતો ત્યારે રોજીંદુ અવરજવર કરતા લોકો દ્વારા રજુઆત બાદ પણ તંત્ર ના બહેરા કાને અવાજ ના પહોચ્યો હોય તેમ હાલતો જણાઈ આવે છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા કોઈ મોટી જાનહાની સર્જાય તેની રાહ જોવાતી હોય તેવુ હાલતો જણાઈ આવે છે.



### કોરોનાથી મૃત્યુ પામેલાને સહાય

## જિલ્લામાં કોરોનાથી અનેક દર્દીના મૃત્યુ પરંતુ ડેથ સર્ટીમાં ઉલ્લેખ નથી

### સરકારના આ નિર્ણયનો આવકાર પરંતુ તંત્ર ઉપર પસ્તાળ પડશે

બાયડ, તા. ૨૩

સરકાર દ્વારા કોરોનાના કારણે મૃત્યુ પામેલા દર્દીના પરિવારને રૂ. ૫૦ હજારની સહાયની જાહેરાત થઈ પરંતુ સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના મૃત્યુ પછી ડેથ સર્ટીમાં તેનો કોઈ ઉલ્લેખ ન હોવાથી તંત્ર ઉપર પસ્તાળ પડી શકે છે અને ડેથ સર્ટીમાં ભ્રષ્ટાચાર આદરાય તેવી સંદેહના વ્યક્ત થઈ રહી છે.

સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા સોગંદનામા મુજબ કોરોના મૃતકોના પરિવારને ૫૦ હજારની સહાય મળવા પાત્ર થશે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાના પાછલા ૧૮ મહિનામાં ૬૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે, પરંતુ તેમાં સત્તાવાર આંકડો ૧૩૦ થી વધુ નથી. અને તેમાં કેટલાય દર્દી નોન-કોવિડથી મોત નિપજ્યા હોવાના રીપોર્ટ જિલ્લાતંત્ર દ્વારા રાજ્યના આરોગ્ય વિભાગને મોકલવામાં આવ્યા છે. જે તે દર્દીનું સરકારી-ખાનગી હોસ્પિટલમાં કોરોનાની સારવાર દરમ્યાન મોત નિપજ્યા પછી નોંધણી સમયે કોરોનાથી મોત એવું લખી આપવાનો મૃતકના સ્વજનોએ આગ્રહ રાખ્યો પરંતુ ડેથ સર્ટીમાં એવો કોઈ ઉલ્લેખ નથી અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦ હજારની સહાય માટે સોગંદનામુ થયુ છે તેમાં ડેથ સર્ટીમાં કોરોનાથી મોત થયુ હોવાની નોંધ હોય તોજ સહાય મળવાપાત્રનો ઉલ્લેખ હોવાથી જિલ્લામાં કોરોના મૃતકોના અનેક પરીવારો સહાયથી વંચિત રહી જશે અને આ નિર્ણયના લીધે સ્થાનિક તંત્ર ઉપર પસ્તાળ પડી શકે છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસા દરમિયાન ડામર રોડ ઉપર ગાબડાં પડતાં અકસ્માતમાં ઉછાળો

### મલમપટ્ટાના નામે ભ્રષ્ટાચારની આશંકા વધી

બાયડ, તા. ૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભાદરવા મહીનામાં વરસેલા વરસાદમાં અનેક ડામર રોડની પોલ ખુલી છે. ઠેર-ઠેર ડામર રોડ ઉપર ગાબડાં પડતાં અકસ્માતો વધ્યા છે. રોજના બે ડઝનથી વધુ વાહનચાલકો પટકાઈ રહ્યા છે. જ્યારે મલમપટ્ટાના નામે અધિકારી, એસ.ઓ. અને વર્ક કારકુન ભ્રષ્ટાચાર આદરવાની આશંકા વધી છે.

જિલ્લામાં રોડ નિર્માણ, ખાડા પુરવા તથા વાઈડરીંગના કામમાં અનહદ ભ્રષ્ટાચાર થતો આવ્યો છે. જિલ્લાથી ગાંધીનગર સુધી સેટીંગ હોવાના કારણે પ્રજાની સાચી ફરીયાદ દબાવી દેવામાં આવતી હતી પરંતુ નવા મુખ્યમંત્રી અને વિભાગના નવા મંત્રી ઉપર જિલ્લાની પ્રજાને ખૂબ મોટી આશા છે. અરવલ્લી જિલ્લા પંચાયત આર.એન્ડ.બી. વિભાગમાં વર્ષોથી ચીટકી રહેલા અધિકારીના રાજમા રોડના કામમાં અનહદ ભ્રષ્ટાચાર તથા કોન્ટ્રાક્ટર સાથેની સાંઠગાંઠની લોકચર્ચાઓ ગામે ગામ સાંભળવા મળે છે. ત્યારે આવા પંકાયેલા અધિકારીની બદલી અને તેમના સમયમાં થયેલા ડામરકામની તપાસ થાય તો લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. અધિકારી દ્વારા માનીતા કોન્ટ્રાક્ટરને કામ અપાવવા અને તેમની લક્ઝરીસ કારમાં ફરતા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ગાબડાં પુરવામાં મોટો ભ્રષ્ટાચાર ન આદરાય તે જોવુ જરૂરી છે.

## સાબરકાંઠા જિલ્લામાં ૭૨માં વન મહોત્સવની ઉજવણી

પરિક્ષેત્ર વન અધિકારી વિસ્તરણ રેંજ હિંમતનગર ક્ષેત્રીય રાયગઢ તથા કટ્ટીધામ કડોલીના સંયુક્ત ઉપક્રમે હિંમતનગરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાની અધ્યક્ષતામાં તા. ૨૩/૯/૨૦૨૧ને ગુરુવારે સવારે ૯:૧૫ કલાકે કટ્ટી ધામ કડોલી ખાતે ૭૨માં તાલુકાકક્ષાના વન મહોત્સવનો શુભારંભ કદંબના વૃક્ષનુ વાવેતરથી કરાવ્યો હતો. મહાનુભાવો દ્વારા સાબરમતી નદીને કિનારે વિવિધ વૃક્ષોનું વાવેતર કર્યું હતું અને હરિયાળા વન બને તે માટે સૌએ સંકલ્પ લીધો હતો મહાનુભવોને તુલસીના છોડની છાબડી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ કદમના વૃક્ષો વાવેતર કરી હરિયાળા વનો બને તે દિશામાં આગે કદમ ભરતાં જણાવ્યું હતું કે, સ્વ કનૈયાલાલ મુનશી દ્વારા વન મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી અને રાજ્યમાં વનોની વૃદ્ધિ થાય, હરિયાળું ગુજરાત, ક્લીન ગુજરાતની કલ્પના સાકાર થાય તે દિશામાં સૌએ સહિયારો પ્રયાસ કરવા ઉપર ભાર મૂક્યો હતો. ફોરેસ્ટ ખાતાના કર્મીઓ વિનામૂલ્યે વૃક્ષો આપે છે તે ગામની ગૌચર, પડતર, સેઢાપાળા પર વાવીને વૃક્ષ ઉછેર કરવો તે સમયની માંગ છે. કોરોના કાળમાં વૃક્ષોનું મહત્વ સૌને સમજાયું છે ઓક્સિજનનું મહત્વ સમજાયું છે. છતાં પણ હજી લોકોમાં એક પ્રકારની જાગૃતતા લાવીને નક્કર પ્રયાસ કરીને જે વૃક્ષ વાવીએ છીએ તે કેટલા ઉછેરે છે અને જે મૃત વૃક્ષો થાય છે તે વચ્ચેનો ગેપ મોટો છે તે ઘટાડવા ઉપર ભાર મૂક્યો હતો. હિંમતનગર પાલિકા દ્વારા જે વૃક્ષોનુ વાવેતર કર્યું છે તે ૯૯ ટકા ઉછેર્યા છે અને હાલમાં બીજા ૩૧ હજાર વૃક્ષો વાવવાનું અભિયાન શરૂ કર્યું તે સરાહનીય છે.

## મેઘરજ તાલુકા પંચાયત ખાતે તલાટીઓને સ્મોક ફ્રી વિલેજની તાલીમ

જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલ અરવલ્લી દ્વારા ગુરુવારેના રોજ મેઘરજ તાલુકાના તમામ ગામને "સ્મોક ફ્રી" કરવા આરોગ્ય શાખા જિલ્લા પંચાયત અરવલ્લી અને ફેઈથ ફાઉડેશન દ્વારા તલાટીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલુકા વિકાસ અધિકારી મેઘરજ એસ. એસ. સુથારની અધ્યક્ષતામા, આરોગ્ય શાખા જિલ્લા પંચાયત અરવલ્લીમાંથી ટોબેકો કાઉન્સેલર દેવાંગભાઈ સોની, ફેઈથ ફાઉન્ડેશન બરોડાથી ચિરાગભાઈ દ્વારા તમાકુથી થતી હાનિકારક અસરો વિષે સરળ ભાષામાં ઊંડાણપૂર્વક સચોટ માહિતી પૂરી પાડવામાંઆવી હતી. COTPA-૨૦૦૩ અધિનિયમની મહત્વની કલમો વિશે સમજૂતી પૂરી પાડવામાં આવી હતી. ફૈથ ફાઉડેશનના ફિલ્ડ ઓફિસર દ્વારા તાલુકાનાં ૩૦ જેટલા તલાટીઓનેઅનેઆરોગ્ય કર્મચારીને "સ્મોક ફ્રી" ગામ બનાવવા માર્ગદર્શન અપાયું હતું.

### પરવાનગી વગર ઝાડ કાપવામાં દંડાયા

## બાયડ તાલુકાની જીતપુર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ, વેપારીઓને ૯૩ હજારનો દંડ

### જીતપુર ગ્રામ પંચાયત ફરી ચર્ચામાં

બાયડ, તા. ૨૩

બાયડ તાલુકાની જીતપુર ગ્રામ પંચાયતના ગોચરમાંથી ૧૫૦ ઝાડ પરવાનગી વગર કાપવાના કેસમાં મહીલા સરપંચ સુનિતાબેન પટેલ તેમજ લીલા લાકડાં ખરીદનાર વેપારી સહીત કુલ ૪ જણને રૂ. ૯૩,૬૬૮ નો દંડ કરતો હૂકમ નાયબ કલેક્ટર-બાયડની કોર્ટ દ્વારા કરતાં ખળભળાટ મચ્યો છે. આ સાથે ફરી એકવાર જીતપુર ગ્રામ પંચાયત ચર્ચામાં આવી છે.

જિલ્લાની કેટલીક ગ્રામ પંચાયતોમાં ગેરકાયદે વૃક્ષછેદનના મામલામાં સરપંચ દોષિત ઠરતાં તંત્ર દ્વારા તેમને હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે છે પછી વિકાસ કમિશનરમાંથી સ્ટે મળ્યા પછી પુનઃ સ્થાપિત થાય છે. વર્ષ ૨૦૧૭માં તાલુકાની જીતપુર ગ્રામ પંચાયત તાબાના ઋણનાથપુર ગામના સીમાડામાંથી ઝાડ કાપતા જીતપુરના રમણભાઈ હરગોવિંદભાઈ પટેલ દ્વારા ગેરકાયદે વૃક્ષછેદનની ફરીયાદ પછી તંત્ર એક્શનમાં આવ્યુ.

ધીમી તપાસ પછી પહેલા લાકડાં ખરીદનાર વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી થઈ ફરી તેમાં વળાંક આવ્યો અને સરપંચ પણ સામેલ હોવાનું જણાતાં કાર્યવાહી કરવામાં આવી હતી. ડી.ડી.ઓ. દ્વારા ગેરકાયદે વૃક્ષછેદનમાં મહીલા સરપંચ સસ્પેન્ડ થયા પછી કાનૂની કાર્યવાહીમાં જીત થતાં પુનઃ સ્થાપિત થયા પરંતુ ફરી અરજદારે આ મામલાને પડકારતા વિમલ બારોટ, નાયબ કલેક્ટર, બાયડની કોર્ટમાં કેસ ચાલી જતાં સરપંચ ઉપરાંત લાકડાંના વેપારી દીલીપસિંહ કે. ચૌહાણ રહે. અમીયાપુર, વિક્રમસિંહ જે. ચૌહાણ, રહે. અમીયાપુર, ભુપેન્દ્રસિંહ ચૌહાણ રહે. અમીયાપુર, તા. બાયડ એમ ચાર જણાને કસૂરવાર ઠેરવી રૂ. ૯૩,૬૬૮નો દંડ સરખા ભાગે વસૂલીનો આદેશ થયો છે. ફરી એકવાર મહીલા સરપંચ ઝાડ કાપવાના મુદ્દે દોષિત ઠરતાં ગામમાં પણ હલચલ મચી છે.

## બાયડ તાલુકા વિકાસ અધિકારી લાંબી રજા ઉપર ઉતર્યા

### ઉચ્ચ અધિકારી સામે રાજીનામુ ધરી દીધુ !! સમજાવટ પછી માંદગીની રજા ઉપર ઉતર્યાની ચર્ચા

બાયડ, તા. ૨૩

બાયડ તાલુકા વિકાસ અધિકારી ક્રિષ્ણાબેન ઉપાધ્યાય એકાએક લાંબી રજા ઉપર ઉતરી જતાં બાયડ તાલુકો અને તાલુકા પંચાયત ફરી ચર્ચામાં આવી છે.

બાયડ તાલુકો રાજકીય પ્રયોગ શાળા ગણાય છે. બાયડ તાલુકા પંચાયતમાં નિયુક્ત થયેલા મહિલા અધિકારીઓ હંમેશા વિવાદમાં રહ્યા છે. બાયડ તાલુકા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત થયેલા ક્રિષ્ણાબેન ઉપાધ્યાયની વહીવટીય સુઝ અને વિકાસના કામો કરાવવાની ગતિની તંત્ર દ્વારા યોગ્ય નોંધ લેવાતી હતી પરંતુ તાલુકા પંચાયત શાખામાં કંઈક ડખા શરૂ થયા હોય કે પછી અન્ય કારણોસર તેઓએ જિલ્લા પંચાયત કચેરીએ જઈ એક તબક્કે નોકરીમાંથી રાજીનામુ આપવાનો વિચાર વ્યક્ત કરતાં ઉચ્ચ અધિકારી ચોંકી ઉઠ્યા હતા.

આવી સરસ નોકરી અને રાજીનામુ કેમ આપવું છે તે બાબતે ઉચ્ચ અધિકારી દ્વારા વાત્સલ્ય ભાવે ચર્ચા કરી પરંતુ ટસના મસ ન થયા અને છેવટે સમજાવટથી હાલ ૮૬ દિવસની રજા ઉપર ઉતરો પછી વિચારજો તેવું જણાવ્યા પછી કહેવાય છે કે બાયડ તાલુકા વિકાસ અધિકારી લાંબી માંદગીની રજા ઉપર ઉતરતાં સમગ્ર પંચાયતી વર્તુળોમાં માંદગીની રજાનો મુદ્દો ચર્ચામાં છે. જિલ્લા વિકાસ અધિકારીએ પણ મહિલા અધિકારી રજા ઉપર ઉતારવાના કારણોની ઉંડાણમાં ઉતરવાની જરૂર છે કોઈના દ્વારા ખોટા કામો કરવા દબાણ તો થયુ નથી ને !! તેની પણ તપાસ જરૂરી છે.